# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૦૨/૧૨/૨૦૨૦ નાં રોજ ONLINE WEBEX MEET ના માધ્યમથી યોજાયેલ ૭૧ મી બેઠકની કાર્યનોંધ

..........................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલની ૭૧ મી બેઠક તા.૦૨ ડિસેમ્બર, ૨૦૨૦ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે **ONLINE WEBEX MEET** ના માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) ડૉ. લલીતકુમાર એ. પટેલ
(૪) શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
(૫) ડૉ. પંકજ ત્રિવેદી
(૬) ડૉ. આશાબેન માઢક
(૭) ડૉ. અર્જુનકુમાર શામલ
(૮) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચનાથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી. ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૭૧.૦૧** તા.૨૧/૧૦/૨૦૨૦ થી આજ દીન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.
ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૨૧/૧૦/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવોએ યુનિવર્સિટી દ્વારા કરેલ વિવિધ કામગીરીને બહાલી આપવામાં આવી.

**૭૧.૦૨** તા.૦૧/૧૨/૨૦૨૦ ની એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.
ઠરાવ : તા.૦૧/૧૨/૨૦૨૦ ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી તથા માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધના ઠરાવ ક્રમાંક : ૩૬.૧૧.૦૧ થી ૩૬.૧૧.૦૩ ની વિસ્તૃત ચર્ચા કરી માહિતી આપવામાં આવી. સૌ મહાનુભાવો દ્વારા ચર્ચાને અંતે અકેડેમિક કાઉન્સીલની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૭૧.૦૩** પરીક્ષા સમિતિની તા.૨૫/૧૧/૨૦૨૦ની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.
ઠરાવ : તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ મળેલ પરીક્ષા સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૭૧.૦૪** નાણાંસમિતિની તા.૨૮/૧૧/૨૦૨૦ની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.
ઠરાવ : તા.૨૮/૧૧/૨૦૨૦ ના રોજ મળેલ નાણાંસમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

**૭૧.૦૫** યુનિવર્સિટીના કર્મચારીઓને તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજ વગેરેના કર્મચારીઓને "ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજયોતર સેવા, ભારત બહાર પ્રતિનિયુકિત, ફરજ મોકુફી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨" લાગુ પાડવા અંગે.

**ઠરાવ :** શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કર્મચારીઓને તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજ વગેરેના કર્મચારીઓને "ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજયોતર સેવા, ભારત બહાર પ્રતિનિયુકિત, ફરજ મોકુફી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨" લાગુ પાડવા માટે સર્વાનુમતે બહાલી આપવામાં આવી. અને તે મુજબ આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

**૭૧.૦૬** પ્રો. દેવેન્દ્રનાથ પાંડેયની વયનિવૃતિ અંગે.

**ઠરાવ :** શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં વય નિવૃત્તિ અંગેની પ્રથમ બાબત હોઈ યુનિવર્સિટીના રેગ્યુલેશન બનાવવાની કામગીરી હાલ ચાલુ હોઈ આ બાંબતે સર્વે મહાનુભાવોએ ચર્ચા–વિચારણા કરી સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો. તથા આગામી સમાન કેસમાં આ નિયમ લાગુ પાડવા ઠરાવવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટીના રેગ્યુલેશનમાં સમાવેશ કરવાનો રહેશે.

ઠરાવ : પ્રો.દેવેન્દ્રનાથ પાંડેયજીની ૬૨ વર્ષ તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ પૂર્ણ થાય છે. માસાંતે તેઓની નિવૃતિ વયની અંતીમ તા.૩૦/૧૧/૨૦૨૦ થાય. તેઓનો ગ્રોસ પિરિયડ તા.૧૪/૦૬/૨૦૨૧ સુધીનો છે. તેથી તેઓશ્રીને ગ્રોસ પિરિયડમાં નિયત પગાર સિવાય એક પણ લાભ મળવાપાત્ર નથી. આ સમયમાં ડી.એલ. સિવાય કોઈ પણ પ્રકારની રજા (સી.એલ.કે જમા મેડીકલ રજા) તથા ઈજાફો કે એલટીસીનો લાભ પણ મળવાપાત્ર નથી. વધુમાં પ્રો.દેવેન્દ્રનાથ પાંડેયજીને રાજય સરકારશ્રીના એજયુકેશન ડીપાર્ટમેન્ટના તા.૩૦/૦૬/૨૦૦૩ ના પત્રના અનુસંધાને લેતા તા.૩૦/૧૧/૨૦૨૦ પછી કોઈ સ્ટેટયુટરી બોડીમાં પણ રાખી શકાતા ન હોવાથી તેઓને વેદ–વેદાંગ ફેકલ્ટીના ડીન પદેથી, વેદ–વેદાંગ ફેકલ્ટી સબંધિત અન્ય તમામ ફરજોમાંથી, વેદવિભાગના વિભાગાધ્યાક્ષ પદેથી, તથા NAAC કો–ઓર્ડિનેટરની જવાબદારીમાંથી તા.૩૦/૧૧/૨૦૨૦ ના કાર્યાલય સમય બાદથી મુકત કરવામાં આવે છે. બેઠકમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા વયનિવૃત્તિની શુભેચ્છા તથા તેઓનું સ્વાસ્થ્ય નિરોગી રહે તેવી શુભકામના પાઠવવામાં આવી. તેમજ આ અંગે આગળની નિયમાનુસારની કરવાની થતી કાર્યવાહી કરવા ઠરાવવામાં આવ્યું.

**૭૧.૦૭** ડેવલપમેન્ટ ઓફ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ એન્ડ ગ્રાઉન્ડ લેવલીંગ એપ્લાઈડ વર્કસ L-1 થયેલ પાર્ટી નિમનાથ કન્સ્ટ્રકશન, વેરાવળને ટેન્ડર સ્વિકૃતી પત્ર પાઠવેલ છે.

**ઠરાવ :** ડેવલપમેન્ટ ઓફ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ એન્ડ ગ્રાઉન્ડ લેવલીંગ એપ્લાઈડ વર્કસ L-1 થયેલ પાર્ટી નિમનાથ કન્સ્ટ્રકશન, વેરાવળને ટેન્ડર સ્વિકૃતી પત્ર પાઠવેલ જે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૭૧.૦૮** કન્સટ્રકશન ઓફ ન્યુ ગર્લ્સ હોસ્ટેલ અને યોગ પ્રદર્શની ભવનની એજન્સી M/s. બી. જે. ઓડેદરાનું 3rd રનીંગ બીલની રકમના ૭૦ % પ્રમાણેનું રૂા.૬૫,૪૫,૯૮૦/– નું ચુકવણું કરેલ છે.

**ઠરાવ :** કન્સટ્રકશન ઓફ ન્યુ ગર્લ્સ હોસ્ટેલ અને યોગ પ્રદર્શની ભવનની એજન્સી M/s. બી. જે. ઓડેદરાનું 3rd રનીંગ બીલની રકમના ૭૦ % પ્રમાણેનું રૂા.૬૫,૪૫,૯૮૦/– નું ચુકવણું કરેલ જે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી (ગુજરાત) વેરાવળ

૭૧.૦૯ કન્સટ્રકશન ઓફ ગેસ્ટ હાઉસ એન્ડ લાઈબ્રેરી બિલ્ડીંગની એજન્સી શ્રી રોકહીલ એન્ટરપ્રાઈઝ, જુનાગઢનું 1st રનીંગ બીલની રકમના ૭૦ % પ્રમાણેનું રૂા.૪૪,૮૪,૬૯૬/– નું ચુકવણું કરેલ છે.

ઠરાવ : કન્સટ્રકશન ઓફ ગેસ્ટ હાઉસ એન્ડ લાઈબ્રેરી બિલ્ડીંગની એજન્સી શ્રી રોકહીલ એન્ટરપ્રાઈઝ, જુનાગઢનું 1st રનીંગ બીલની રકમના ૭૦ % પ્રમાણેનું રૂા.૪૪,૮૪,૬૯૬/– નું ચુકવણું કરેલ જે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૭૧.૧૦ યુનિવર્સિટી કેમ્પસ ખાતે 315 KVA TC ખરીદી કામગીરીનું Verto Power Pvt. Ltd. નું રૂા.૪,૯૯,૫૦૦/– નું ચુકવણું કરેલ છે.

ઠરાવ : યુનિવર્સિટી કેમ્પસ ખાતે 315 KVA TC ખરીદી કામગીરીનું Verto Power Pvt. Ltd. નું રૂા.૪,૯૯,૫૦૦/– નું ચુકવણું કરેલજે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૭૧.૧૧ પરીક્ષા સમિતિમાં એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીનુ નામ મનોનીત થવા અંગે.

ઠરાવ : પરીક્ષા સમિતિમાં એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી માટેએકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી પ્રિ. ડૉ. પંકજભાઈ ત્રિવેદીનું નામ સર્વાનુમતે મનોનિત કરવામાં આવ્યું.

૭૧.૧૨ યુનિવર્સિટીની વર્ગ–૩ ની આઉટસોર્સથી સેવા મેળવવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીમાં વિવિધ વિભાગમાં કામના ભારણને ધ્યાને લઈ જરૂરીયાત મુજબ વર્ગ–૩ ની આઉટસોર્સથી સેવા લેવા માટે જિલ્લાની કલેકટર કચેરી દ્વારા માન્ય કરવામાં આવેલ એજન્સી પાસેથી સેવાઓ મેળવવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તેમજ સદર બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૭૧.૧૩ યુનિવર્સિટીમાં ઈલેકટ્રીશયન / પ્લમ્બર / મિસ્ત્રીની સેવા આઉટસોર્સથી લેવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીમાં વિવિધ ભવનોની કામગીરી ચાલી રહી છે ત્યારે ઈલેકટ્રીશયન / પ્લમ્બર / મિસ્ત્રીની સેવાઓની જરૂરીયાત રહેતી હોવાથી જરૂરીયાત મુજબ યુનિવર્સિટીમાં ઈલેકટ્રીશયન / પ્લમ્બર / મિસ્ત્રીની સેવાઓ આઉટસોર્સથી મેળવવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭૧.૧૪ મહાનુભાવોના સુચનો.

<u>૭૧.૧૪.૦૧ :</u> ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી દ્વારા શૈક્ષણિક ગુણવત્તા વધે તે બાબતે ચર્ચા કરતા માન.કુલપતિશ્રી દ્વારા તથા અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રી તથા એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી દ્વારા શૈક્ષણિક ગતિવિધિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી. જેને સૌ મહાનુભાવો દ્વારા અનુમોદન આપવામાં આવ્યું. તેમજ ચાલી રહેલ કામગીરીથી સૌ મહાનુભાવોએ સંતોષ વ્યકત કર્યો હતો.

<u>૭૧.૧૪.૦૨ :</u> ડૉ.લલિતકુમાર પટેલ દ્વારા વિવિધ શોર્ટ ટર્મ ઓનલાઈન કોર્ષની માહિતી રજુ કરવામાં આવી. જેમાં જયોતિષ વિષય પર શોર્ટ ટર્મ કોર્ષ પણ શરૂ કરવામાં આવેલ છે, તેની માહિતી આપવામાં આવી. જેને સૌ મહાનુભાવો દ્વારા અનુમોદન આપવામાં આવ્યું.

<u>૭૧.૧૪.૦૩ :</u> કુલસચિવશ્રી દ્વારા ચાલુ વર્ષે ઓનલાઈન ડિપ્લોમા કોર્ષની શરૂઆત થઈ તે અંગેની વિસ્તૃત માહિતી રજુ કરવામાં આવી. જેમાં બે કોર્ષ આ વર્ષથી ચાલુ કરેલ છે તેમાં તથા ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. જેનો સૌ મહાનુભાવો દ્વારા સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો. અને સંસ્કૃતના અન્ય અભ્યાસક્રમો પણ ઓનલાઈન ચલાવવા જોઈએ તેવો મત વ્યકત કર્યો હતો.

વેરાવળ

૭૧.૧૫ અધ્યક્ષસ્થાનેથી રજુ થાય તે.

– માન.કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીએ આપેલ Ph.D ની જાહેરાત, M.Phil ના રિઝલ્ટ તથા તાજેતરમાં નેટની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓની માહિતી રજુ કરી હતી. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓ નેટની પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે તેને સૌ મહાનુભાવો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી.

માન.કુલપતિશ્રી તથા કુલસચિવ આગામી એજન્ડા નં.૭૧.૧૬ માં હાજરી આપનાર ન હોઈ સૌ મહાનુભાવોનો આભાર માનીને આગામી એજન્ડામાં ભાગ ન લેવા અને સભ્ય સચિવ તરીકે સંશોધન અધિકારી ડો.કાર્તિક પંડયાજીને આગળની કામગીરી કરવા માટે ઓનલાઈન બેઠકમાં હાજરી આપવા જણાવવામાં આવ્યુ હતુ. તેમજ તેઓ બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા.

માન.કુલપતિશ્રીએ સુચવ્યા મુજબ કુલસચિવ આગામી એજન્ડામાં ભાગ ન લેવા બેઠક છોડી દીધી હતી અને આગળના એજન્ડા ક્રમાંક ૭૧.૧૬ પર ચર્ચા કરવા માટે સભ્ય સચિવ તરીકે સંશોધન અધિકારી ડો.કાર્તિક પંડયાજીએ હાજરી આપી આગળની કાર્યવાહી કરેલ જેમાં તેઓ કરેલ કામગીરીની કાર્યનોંધ કુલસચિવશ્રીને બંધ કવરમાં આપી હતી જે બંધ કવર પર માન.કુલપતિશ્રીએ આપેલ આદેશ મુજબ તેને ખોલવામાં આવેલ અને આ બાબતે થયેલ ઠરાવ શબ્દશઃ નીચે મુજબ છે.

૭૧.૧૬ યુનિવર્સિટીની કોન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. રમેશચંદ્ર શુકલને આપેલ તા. ૧૮/૦૯/૨૦૨૦ના "એકત્રિત પત્ર/કારણદર્શક નોટીસ"નો તેમણે તા. ૧૯/૧૧/૨૦૨૦ સુધીમાં લેખિત ખુલાસો આપવાનો હતો જે તેમણે આપેલ નથી તે બાબતે વિચારણા અર્થે.

માનનીય કુલસચિવશ્રીએ આપેલ પત્ર અનુસાર આ ચર્ચા વિચારણા પહેલા Online Webexમીટીંગમાંથી માન. કુલપતિશ્રી તથા માન. કુલસચિવશ્રી બહાર નીકળી ગયેલ હતા તેમજ ઈ. સી. સભ્યશ્રી ડૉ. લલિતકુમાર એ. પટેલે જણાવેલ કે આ અંગે ચર્ચા વિચારણા કરીને નિર્ણય કરતા પહેલા સદર બાબત મને અસર કરતી હોવાથી આ બાબતના નિર્ણયમાં તેઓ કોઈ ચર્ચા કરશે નહિ કે પોતાનો મત આપશે નહિ અને આમ તેમણે ચર્ચામાં ભાગ લીધેલ નથી કે મત આપેલ નથી અને બાકીના ઈ. સી. સભ્યશ્રીઓએ વિષયને ધ્યાનમાં લઈ યોગ્ય લાગે તે નિર્ણય કરે તેમતેઓએ જણાવેલ. ત્યારબાદ, પુરા પ્રકરણ અંગે જેટલી વિગતો ઈ. સી. ના માન. સભ્યશ્રીઓ જાણવા માંગતા હતા તે સભ્ય સચિવ દ્વારા આપવામાં આવેલ હતી. કાળજીપૂર્વક ચર્ચા – વિચારણા કરીને સર્વાનુમતે યુનિવર્સિટીની કોન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. રમેશચંદ્ર શુકલને આપેલ તા. ૧૮/૦૯/૨૦૨૦ના "એકત્રિત પત્ર / કારણદર્શક નોટીસ" નો તેમણે તા. ૧૯/૧૧/૨૦૨૦ સુધીમાં લેખિત ખુલાસો આપવાનો હતો જે આપેલ નથી તે બાબત નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

વેરાવળ

ઠરાવ:- ચર્ચા કરવામાં આવી. ચર્ચા કરવા યુનિવર્સિટી એકટની જોગવાઈ કલમ ૩૨ બાબતે વકીલે આપેલ માર્ગદર્શન ધ્યાને લીધેલ છે. કરેલ ગંભીર આક્ષેપો – ગેરવર્તણૂકને ધ્યાને લઈ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

(૧) ડૉ. શુકલના તારીખ : ૦૩/૦૭/૨૦૨૦ના પત્ર ને ધ્યાને લઈ યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સીલે તેની તારીખ : ૦૫/૦૯/૨૦૨૦ની ૬૭ મી બેઠકમાં ઠરાવ નંબર ૬૭.૧૮ કરેલ જે મુજબ એક્ઝિક્યુટિવ કાઉન્સીલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ તથા એકેડેમીક કાઉન્સીલના સભ્યશ્રી જયશંકર રાવલને તારીખ : ૧૭/૦૯/૨૦૨૦નો પત્ર પાઠવી ડૉ. શુક્લના તારીખ : ૦૩/૦૭/૨૦૨૦ના પત્રથી તેઓએ તેમની પર કેટલાક આક્ષેપો કરેલા છે તે બાબતે તેઓ શું કહેવા માંગે છે તેની પૃચ્છા કરાયેલ. તેના પ્રતિભાવમાં તેઓ બન્નેએ તેમનો અભિપ્રાય આપેલ, જે આજ રોજ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની આ સભામાં વંચાણે લેવામાં આવેલ. ડૉ. લલિતભાઈ તથા શ્રી જયશંકર રાવલે જણાવેલ છે કે ડૉ. શુક્લએ તેમના તારીખ : ૦૩/૦૭/૨૦૨૦ના પત્ર માં તેમની વિરુધ્ધ કરેલ આક્ષેપોમાં કોઈ તથ્ય નથી વિગેરે. ટૂંકમાં તેમણે તેમની પરના આક્ષેપો નકાર્યા છે.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સીલના ઉપરના ઠરાવ અનુસાર યુનિવર્સિટીની કોન્સ્ટીટયુટ કોલેજ ખાતે આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. રમેશચંદ્ર શુક્લને તા. ૧૮/૦૯/૨૦૨૦ની "એકત્રિત પત્ર / કારણદર્શક નોટીસ" આપેલ જેનો તેમણે તા. ૧૯/૧૧/૨૦૨૦ સુધીમાં લેખિત ખુલાસો કરવાનો હતો, જે તેમણે કરેલ નથી.

(૩) આ બાબતે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા. ૦૨/૧૧/૨૦૨૦ની ખાસ ૭૦મી બેઠકમાં ઠરાવ કરાયેલ જે ધ્યાને લીધો. આ ઠરાવના ક્લોઝ ૧૨(iii) માં જણાવ્યા મુજબ જો ડૉ. શુક્લ તેમનો જવાબ ના આપે તો તેમની પાસે જવાબ આપવા કોઈ વજૂદ નથી તેથી જવાબ આપેલ નથી તેમ ગણી આગળ નિયમ મુજબની વિચારણા કરવાની રહે છે. આ ઠરાવની નકલ શ્રી શુક્લને તા.૦૨/૧૧/૨૦૨૦ના પત્ર સાથેબિડાણ – ૧થી આપેલ છે.

(૪) સભ્ય સચિવશ્રીને પૂછતાં તેઓએ જણાવ્યુ કે આજ દિન સુધી પણ ડૉ. શુકલનો કોઈ ખુલાસોઆવેલ નથી. આમ ડૉ. શુકલને તારીખ : ૧૯/૧૧/૨૦૨૦ પછી આજ દિન સુધીનો વિશેષ સમય મળેલ હોવા છતાં તેમના દ્વારા કોઈ ખુલાસો કરાયેલ નથી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે "યુનિવર્સિટીમાં લાગુ પડતા/લાગુ પાડેલ નિયમો અનુસાર ડૉ. શુક્લ સામે વિષય વસ્તુ બાબતે ઈન્કવાયરી કરવી અને તે માટે તેઓશ્રીને ચાર્જશીટ વિગેરે આપવાની જરૂરી તમામ આગળની કાર્યવાહી કરવી અને કરેલ કાર્યવાહીથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને અવગત કરવી.

(૬) વકીલશ્રીએ આપેલ માર્ગદર્શન અનુસાર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૫ની કલમ ૩૨ને ધ્યાને લેતા જણાય છે કે તે કલમ "સાબિત થયેલ ગેરવર્તણૂક" ના અનુસંધાનમાં કરવાની થતી શિક્ષાના ભાગ રુપે જો કર્મચારીને સસ્પેન્ડ કરવાની જરૂર પડે તો તે સંજોગોમાં તે લાગુ પડે. જો પેન્ડિગ ઈન્કવાયરી કર્મચારીને સસ્પેન્ડ કરવાના હોય તો તેને લાગુ પડે નહિ.આથી એવું ઠરાવવામાં આવેછે કે પ્રથમ દર્શનીય રીતે શ્રી શુક્લની જણાતી "ગંભીર ગેરવર્તણૂક" અંગેની ઈન્કવાયરી દરમ્યાનની, તેમની કોલેજ/યુનિવર્સિટીમાંની હાજરી

વેરાવળ

કોલેજ/યુનિવર્સિટીમાં ખોટો સંદેશ આપશે તેમજ કોલેજ/યુનિવર્સિટી કામકાજને પ્રતિકુળ અસર કરશે જેથી ઈન્કવાયરી પૂરી ના થાય ત્યાં સુધી તેમનેતાત્કાલિક અસરથી "ફરજ મોકૂફ (Suspend)" કરવામાં આવે છે. આથી ઠરાવવામાં આવે છે કે :-

(એ) ફરજ મોકૂફી દરમ્યાન શ્રી શુકલએ તેમના કોલેજના અગત્યના કામકાજ માટે કોલેજના વડા અનેતેમના યુનિવર્સિટીના અગત્યના કામકાજ માટે યુનિવર્સિટીના કુલપતિશ્રી/કુલસચિવની અગાઉથી લેખિત મંજૂરી મેળવ્યા સિવાય, કોલેજ/ યુનિવર્સિટીમાં પ્રવેશ કરવો નહી.

(બી) ફરજ મોકૂફી દરમ્યાન શ્રી શુકલને યુનિવર્સિટીમાં લાગુ પડતા/લાગુ પાડેલ નિયમ મુજબ નિર્વાહ ભથ્થુ ચૂકવવુ.

(સી) ફરજ મોકૂફી દરમ્યાન શ્રી શુક્લને કોઈ રજા મંજૂર કરી શકાશે નહિ.

(ડી) ફરજ મોકૂફી દરમ્યાન શ્રી શુકલએ તેમના અગત્યના કામકાજ માટે યુનિવર્સિટી કુલપતિશ્રી / કુલસચિવની અગાઉથી લેખિત મંજૂરી મેળવ્યા સિવાય નોકરીનું સ્થળ છોડવું નહી.

(ઇ) ફરજ મોકૂફી દરમ્યાન શ્રી શુક્લ અન્ય કોઈ નોકરી, વ્યવસાય કે તેવી કોઈ પ્રવૃતિ કરી શકશે નહી.

(૭) ઈન્કવાયરીની વિષય વસ્તુ "ડૉ. શુકલએ અત્રેની યુનિવર્સિટીના હાલના કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી વિગેરે સામે કરેલા ગંભીર આક્ષેપો" છે. જેથી હાલના કુલપતિશ્રી તથા રજિસ્ટ્રારશ્રી આ ઠરાવ બાબતેની કાર્યવાહી હાથ પર લેવાઈ તે સાથેજ પ્રથમથી અળગા રહેલ છે અને આ ઠરાવની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી.તે જ રીતે સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલે આ બાબતની ચર્ચામાં ભાગ લીધેલ નથી કે પોતાનો કોઈ મત / નિર્ણય આપેલ નથી.

(૮) "નેસેસીટી" ના સિધ્ધાંત અનુસાર આ ઠરાવને લગતી યુનિ. દ્વારા કરવાની થતી તમામ કાર્યવાહી કુલસચિવ દ્વારા, કુલપતિશ્રીના માર્ગદર્શન અને ફાઈલ પર નોંધ મૂકી મેળવેલ હુકમ અનુસાર,તેમના દ્વારા અને તેમના નામે કરવાની રહે છે. તેથી આગળની કાર્યવાહી કુલસચિવ દ્વારા કરવામાં આવે તેટલા માત્રથી તેઓએ કે કુલપતિશ્રીએ, અંગત રીતે ડૉ. શુક્લ સામે કે દ્વેષ બુધ્ધિ વિગેરેથી કાર્યવાહી કરી છે તેમગણાશે નહિ.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ